Letter No: DPE/0546/01/2026 Approved Date: 22-01-2026

# પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી

બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦ એ,ગાંધીનગર-૩૮૨૦૧૦
ઈ-મેઈલ : Plan.dpe.guj@gmail.com

**By Email** **FileNo.- DPE/PLAN/e-file/105/2026/0300/Plan** તા.**E-Sign** મુજબ

પરિપત્ર:

**વિષય: તમામ** શાળાઓના સ્વચ્છતા સંકુલોની જાળવણી અને સ્વચ્છતા જાળવણી કરવા બાબત.

આથી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને શાસનાધિકારીશ્રીને ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના ઇમેઈલ તા.૧૬/૦૧/૨૦૨૬ મુજબ તા.૧૬/૦૧/૨૦૨૬ ના રોજ યોજાયેલ CoS મીટીંગ દરમિયાન મળેલ સૂચના અનુસાર તારીખ ૮ માર્ચ ૨૦૨૬ સુધીમાં શાળાઓના સ્વચ્છતા સંકુલોની જાળવણી અને સ્વચ્છતા અંગેની કામગીરી પૂર્ણ કરવા જણાવેલ છે. તેથી આપના તાબા હેઠળની તમામ સરકારી, ગ્રાંટ ઈન એઈડ અને સ્વનિર્ભર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના સ્વચ્છતા સંકુલોની મરામત અને સ્વચ્છતા જાળવણી જેવી આનુષાંગિક તમામ કામગીરી તારીખ ૮ માર્ચ ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા અંગે આપની કક્ષાએથી જરૂરી કાર્યવાહી હાથ ધરશો તથા સંબંધિત તમામને સૂચના આપવા આપશો તથા નીચેના મુદ્દા અંગે જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

- તમામ સ્વચ્છતા સંકુલોની નિયમિત સફાઈ સુનિશ્ચિત કરવી.
- તમામ સ્વચ્છતા સંકુલોમાં પાણીની સુવિધ્યા સુનિશ્ચિત કરવી.
- તમામ સ્વચ્છતા સંકુલોના દરવાજા બંધ કરી શકાય તેવા હોય તે સુનિશ્ચિત કરવું.
- તમામ સ્વચ્છતા સંકુલો આસપાસ ઝાડી- ઝાંખરા કે ગંદકી નહી હોય તે સુનિશ્ચિત કરવું.
- સ્વચ્છતા સંકુલોમાં મરામતની જરૂરિયાત હોય તો તે પૂર્ણ કરવી. (જો શાળાને સ્કૂલ કંપોઝિટ ગ્રાંટ મળતી હોય તો તેનો નિયમોનુસાર ઉપયોગ કરવો અન્યથા શાળાએ પોતાના ભંડોળનો ઉપયોગ કરી કામગીરી પૂર્ણ કરવી)
- તમામ સ્વચ્છતા સંકુલોમાં પાણીના નળ, ઈલેક્ટ્રીક વાયરો કે બારી- બારણાં જોખમ રહિત હોય તે સુનિશ્ચિત કરવું.
- સ્વચ્છતા સંકુલોની મરામત અને સ્વચ્છતા જાળવણી અને તે સંબંધે આનુષાંગિક અન્ય તમામ કામગીરી પૂર્ણ કરવી.

નિયામક
શાળાઓ 22|1|2026
ગુ.રા. ગાંધીનગર

નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા. ગાંધીનગર

23/1/26

પ્રતિ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

266
23/1/26

Scanned with CamScanner

જા.નં.ક–૩/૫૨૨/૨૦૨૫–૨૬/ 633
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અનાવીલ ભવન સામે, કારેલીબાગ,
વડોદરા તા 27/૦૧/૨૦૨૬

૨/– જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ
પ્રાથમિક, માધ્યમિક અને ઉ.મા. શાળાઓ, (તમામ)
જિ.વડોદરા.

નકલ રવાના : (જાણ તથા અમલવારી સારું.)
– શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી, (તમામ) સદર કચેરી.

Scanned with CamScanner